MACMILLAN CANCER SUPPORT

Healthcare for refugees and people seeking asylum: Gujarati

# શરણાર્થીઓ અને આશ્રય મેળવવા માંગતા લોકો માટે આરોગ્ય સંભાળ

આ માહિતી UKમાં શરણાર્થીઓ અને આશ્રય શોધનારાઓ માટે આરોગ્ય સંભાળ વિશે છે. તે કેન્સરથી પ્રભાવિત લોકો માટે મૅકમિલન (Macmillan) તરફથી ઉપલબ્ધ સહાયને પણ સમજાવે છે.

જો તમને આ માહિતી વિશે કોઈ પ્રશ્નો હોય, તો તમે જ્યાં સારવાર લઈ રહ્યા છો તે હોસ્પિટલમાં તમારા ડૉક્ટર અથવા નર્સને પૂછો.

તમે **0808 808 00 00** પર, સપ્તાહમાં 7 દિવસ, સવારે 8 વાગ્યાથી રાત્રીનાં 8 વાગ્યા સુધી મેકમિલન કેન્સર સપોર્ટને પણ કૉલ કરી શકો છો. અમારી પાસે દુભાષિયા છે, તેથી તમે તમારી ભાષામાં અમારી સાથે વાત કરી શકો છો. જ્યારે તમે અમને ફોન કરો, ત્યારે અમને અંગ્રેજીમાં જણાવો કે તમને કઈ ભાષાની જરૂર છે.

અન્ય ભાષાઓમાં કેન્સર વિશે વધુ માહિતી **macmillan.org.uk/translations** પર ઉપલબ્ધ છે

## આ માહિતી નીચેની બાબત વિશે છે:

- UK આરોગ્ય સંભાળ પ્રણાલી
- જો તમે આશ્રય શોધી રહ્યા હોવ તો આરોગ્ય સંભાળનો અધિકાર
- જો તમને આશ્રય આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હોય તો આરોગ્યસંભાળના અધિકારો
- જો તમે શરણાર્થી હોવ તો આરોગ્ય સંભાળનો અધિકાર
- આરોગ્ય સંભાળ એક્સેસ કરવામાં મદદ
- મૅકમિલન (Macmillan) તમને કેવી રીતે મદદ કરી શકે છે
- તમારી ભાષામાં વધુ માહિતી
- સંદર્ભો અને આભાર

## UK આરોગ્ય સંભાળ પ્રણાલી

UKમાં મોટાભાગની આરોગ્ય સેવાઓ નેશનલ હેલ્થ સર્વિસ (NHS) દ્વારા પૂરી પાડવામાં આવે છે. NHSમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે

### GP અને સમુદાય-આધારિત સંભાળ

GP (જનરલ પ્રેક્ટિશનર) એ એક ડૉક્ટર છે જે સામાન્ય આરોગ્યની સ્થિતિની સારવાર કરે છે. GP સામાન્ય રીતે સ્થાનિક કેન્દ્રમાં કામ કરે છે. આ પ્રકારના કેન્દ્રના અંગ્રેજીમાં અલગ અલગ નામ હોઇ શકે છે. તેને GP practice, GP surgery અથવા medical centre કહી શકાય. આ કેન્દ્ર ઘણીવાર

આરોગ્યસંભાળ માટેના સંપર્કનું તમારું પ્રથમ અને મુખ્ય કેન્દ્ર હોય છે. તેઓ અન્ય સમુદાય-આધારિત સેવાઓ જેમ કે જિલ્લા નર્સો અને ઉપશામક સંભાળ ટીમો સાથે નજીકથી કામ કરે છે. તમારા GP અને સમુદાય-આધારિત અન્ય સેવાઓ ઘણી આરોગ્ય સમસ્યાઓની સારવાર કરે છે અને તેનું સંચાલન કરે છે. જો તમારે વધુ ચોક્કસ સારવારની જરૂર હોય, તો તેઓ તમારા માટે તેની વ્યવસ્થા કરી શકે છે. આને રેફરલ બનાવવાનું કહેવામાં આવે છે.

**તાત્કાલિક અને આપાતકાલીન સંભાળ** - આમાં સામેલ છે:
- જો તમે 999 પર કોલ કરો તો જીવલેણ પરિસ્થિતિઓ માટે કટોકટીની મદદ
- અકસ્માત અને કટોકટી (A&E) વિભાગમાં સંભાળ અથવા અન્ય તાત્કાલિક સંભાળ કેન્દ્ર જેમ કે વોક-ઇન સેન્ટર અથવા નાની ઇજા એકમમાં સંભાળ
- જો તમે 111 પર (ઇંગ્લેન્ડ, સ્કોટલેન્ડ અથવા વેલ્સમાં) કોલ કરો તો તાત્કાલિક આરોગ્યને લગતી સમસ્યાઓ વિશે સલાહ.

### નિષ્ણાતની સંભાળ
આરોગ્યની ચોક્કસ સ્થિતિ માટે તમારે નિષ્ણાતની તાલીમ સાથે આરોગ્યસંભાળ વ્યાવસાયિક પાસેથી સલાહ અથવા સારવારની જરૂર પડી શકે છે. જ્યારે તમે નિષ્ણાતની સારવાર માટે હોસ્પિટલમાં રહો છો, ત્યારે તેને ઇનપેશન્ટ કેર કહેવામાં આવે છે. જ્યારે તમે ક્લિનિકમાં અથવા ઘરે નિષ્ણાતની સારવાર લો છો, ત્યારે તેને આઉટપેશન્ટ કેર કહેવામાં આવે છે.

### ફાર્માસિસ્ટ
ફાર્માસિસ્ટ દવાઓ આપે છે અને દવાઓ લેવા વિશે સલાહ આપે છે. તેઓ કેટલીક તબીબી સલાહ પણ આપી શકે છે.

### દાંતની સંભાળ
દંત ચિકિત્સકો તમારા દાંત, પેઢા અને મોઢાના અન્ય ભાગોની સંભાળ રાખવામાં મદદ કરે છે.

### આંખની સંભાળ
ઓપ્ટોમેટ્રિસ્ટ્સ આંખની દ્રષ્ટિની તપાસમાં મદદ કરે છે. તેઓ ચશ્મા અને કોન્ટેક્ટ લેન્સ સૂચવે છે અને તેને ફિટ કરે છે. તેઓ આંખના ચેપ જેવી આંખની કેટલીક આરોગ્ય સમસ્યાઓની સારવાર અને સલાહ આપે છે.

NHS આરોગ્ય સંભાળ પણ આ જ રીતે ફ્રી છે, જો તમે:
- UKમાં આશ્રય માટે અરજી કરી રહ્યા હોવ
- શરણાર્થી હોવ.

## જો તમે આશ્રય શોધી રહ્યા હોવ તો આરોગ્ય સંભાળનો અધિકાર

જો તમે UKમાં આશ્રય માટે અરજી કરી રહ્યા હોવ, તો NHS આરોગ્ય સંભાળ UKના સામાન્ય નિવાસીની જેમ જ ફ્રી છે, જ્યારે તમે:
- આશ્રય માટે અરજી કરો
- નિર્ણય માટે રાહ જુઓ
- કોઈપણ નિર્ણયની અપીલ કરો.

આનો અર્થ એ થયો કે તમે ફ્રી GP અને હોસ્પિટલની સારસંભાળ તથા તાત્કાલિક અને બિન-તાત્કાલિક સારવાર મેળવી શકો છો.

## જો તમને આશ્રય આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હોય તો આરોગ્યસંભાળના અધિકારો

જો તમારા આશ્રયના દાવાને નકારવામાં આવે, તો પણ તમને ફ્રી NHS આરોગ્ય સંભાળની મંજૂરી આપી શકાય છે. તે UKના વિસ્તાર પર નિર્ભર કરે છે.

### સ્કોટલેન્ડ, વેલ્સ અથવા ઉત્તરી આયર્લેન્ડ

જો તમને સ્કોટલેન્ડ, વેલ્સ અથવા ઉત્તરી આયર્લેન્ડમાં આશ્રય આપવાનો ઇનકાર કરવામાં આવે છે, તો જ્યાં સુધી તમે દેશમાં છો ત્યાં સુધી તમને ફ્રી NHS આરોગ્યસંભાળની મંજૂરી આપવામાં આવે છે.

### ઇંગ્લેન્ડ

જો તમને ઇંગ્લેન્ડમાં આશ્રય આપવાનો ઇનકાર કરવામાં આવે, તો પણ જો તમને નીચેના તરફથી સહાય મળી રહી હોય તો તમને ફ્રી NHS આરોગ્ય સંભાળની મંજૂરી આપવામાં આવે છે:

- હોમ ઓફિસ, જેને કલમ 4(2) સપોર્ટ કહેવામાં આવે છે
- એક સ્થાનિક સત્તામંડળ, જેને કલમ 21 અથવા ભાગ 1 સપોર્ટ કહેવામાં આવે છે.

જો તમને આ સહાય ન મળી રહી હોય, તો તમે સારવારનો કોઈ પણ કોર્સ, જે તમે પહેલાથી જ શરૂ કર્યો હતો, તેને ફ્રીમાં ચાલુ રાખી શકો છો. જો કોઈ આરોગ્યસંભાળ વ્યાવસાયિકને એવું લાગતું હોય કે તમારે તાત્કાલિક અથવા તાત્કાલિક સારવારની જરૂર છે, તો તેઓ તમને આ આપી શકે છે. તમને ચૂકવણી કરવાનું કહેવામાં આવી શકે છે, પરંતુ તમને સારવાર આપવામાં આવે તે પહેલાં તમારે ચૂકવણી કરવાની જરૂર નથી.

કેટલીક કટોકટીની આરોગ્ય સેવાઓ UKમાં દરેક માટે હંમેશાં ફ્રી હોય છે. તમે આના માટે ક્યારેય ચૂકવણી કરશો નહીં:

- જો તમે 999 પર કોલ કરો તો જીવલેણ પરિસ્થિતિઓ માટે કટોકટીની મદદ.
- જો તમે 111 પર (ઇંગ્લેન્ડ, સ્કોટલેન્ડ અથવા વેલ્સમાં) કોલ કરો તો તાત્કાલિક આરોગ્યને લગતી સમસ્યાઓ વિશે સલાહ.
- અકસ્માત અને કટોકટી (A&E) વિભાગ, વોક-ઇન સેન્ટર, નાની ઇજા એકમ અથવા તાત્કાલિક સંભાળ કેન્દ્રમાં સંભાળ.

અન્ય આરોગ્ય સેવાઓ કે જે દરેક માટે હંમેશા ફ્રી હોય છે તેમાં આ સામેલ છેઃ

- ચોક્કસ પ્રકારના ચેપ અને જાતીય રોગોનું પરીક્ષણ અને સારવાર
- ગર્ભનિરોધક સેવાઓ
- ત્રાસ, સ્ત્રી જનનાંગોને વિકૃત કરવા અને ઘરેલું અથવા જાતીય હિંસાને કારણે થતી પરિસ્થિતિઓની સારવાર.

# જો તમે શરણાર્થી હોવ તો આરોગ્ય સંભાળનો અધિકાર

જો તમે UKમાં શરણાર્થી હોવ, તો NHS આરોગ્ય સંભાળ UKના સામાન્ય નિવાસીની જેમ જ ફ્રી છે. આમાં GP અને હોસ્પિટલની સારસંભાળ અને તાત્કાલિક અને બિન-તાત્કાલિક સારવારનો સમાવેશ થાય છે.

## આરોગ્ય સંભાળ એક્સેસ કરવામાં મદદ

જો તમને આરોગ્ય સંભાળ સુધી પહોંચવામાં મદદની જરૂર હોય, અથવા તમને આરોગ્ય સંભાળના તમારા અધિકારો વિશે ખાતરી ન હોય, તો નીચેની સંસ્થાઓ મદદ કરી શકે છે:

- **સ્થળાંતરકર્તા સહાય** - www.migranthelpuk.org ની મુકાલાત લો અથવા તેમની ફ્રી આશ્રય હેલ્પલાઇન 0808 801 0503 પર કોલ કરો. તમારી ભાષામાં માહિતી ચકાસવા માટે www.migranthelpuk.org/Pages/FAQs/Category/translated-advice ની મુલાકાત લો.
- **બ્રિટિશ રેડ ક્રોસ** - www.redcross.org.uk/get-help/get-help-as-a-refugee ની મુકાલાત લો અથવા 0808 196 3651 પર તેમની ફ્રી સપોર્ટ લાઇનને કોલ કરો. તમારી ભાષામાં માહિતી ચકાસવા માટે www.redcross.org.uk/get-help/get-help-as-a-refugee/translated-pages ની મુલાકાત લો.
- **રેફ્યુજી કાઉન્સિલ** - માહિતી માટે www.refugeecouncil.org.uk ની મુકાલાત લો. જો તમે ઇંગ્લેન્ડમાં હોવ, તો તેમની ફ્રી ઈન્ફોલાઈન 0808 196 7272 પર કોલ કરો.

## તમારા માટે યોગ્ય સંભાળ અને સપોર્ટ મેળવવો

જો તમને કેન્સર હોય અને તમને અંગ્રેજી બોલતા આવડતું ન હોય, તો તમને ચિંતા થઇ શકે છે કે આનાંથી તમારી કેન્સરની સારવાર અને સાર-સંભાળને અસર પહોંચશે. પરંતુ તમારી આરોગ્ય સાર-સંભાળ ટીમ તમારી જરૂરિયાતો પુરી પાડતી હોય એવી સાર-સંભાળ, સહયોગ અને માહિતી તમને આપશે.

MAC19723 Gujarati

અમે જે માહિતી પૂરી પાડીએ છીએ તે સચોટ અને અપ-ટૂ-ડેટ છે તેની ખાતરી કરવા માટે અમે દરેક પ્રયાસ કરીએ છીએ પરંતુ તે તમારી સ્થિતિ અનુસાર વિશેષજ્ઞ વ્યવસાયિકની સલાહની અવેજીમાં નથી. કાયદાની અનુમતિની મર્યાદામાં, મૅકમિલન (Macmillan) આ પ્રકાશનમાં સમાવિષ્ટ કોઇપણ માહિતી અથવા તેમાં સામેલ અથવા સંદર્ભિત તૃતીય-પક્ષની માહિતી અથવા વેબસાઇટના ઉપયોગના સંબંધમાં કોઇપણ જવાબદારીનો સ્વીકાર કરતી નથી.

અમને આશા છે કે તમને આ માહિતી મદદરૂપ લાગી હશે. જો તમને કોઈ પ્રશ્નો હોય, તો અમે તમને તમારી ભાષામાં ટેલિફોન દ્વારા માહિતી અને સહાય આપી શકીએ છીએ. અમારી સેવાઓ ફ્રી છે. અમને માત્ર **0808 808 00 00** પર કૉલ કરો (સોમવાર-શુક્રવાર, સવારે 9 વાગ્યાથી સાંજે 8 વાગ્યા સુધી) અને તમારી પસંદીગીની ભાષા માટે અંગ્રેજીમાં કહો.

© મૅકમિલન કૅન્સર સપોર્ટ (Macmillan Cancer Support) 2023. ઇંગ્લૅન્ડ અને વેલ્સ (261017), સ્કૉટલૅન્ડ (SC039907) અને આઇલ ઓફ મૅન (604) માં રજિસ્ટર્ડ ચેરિટી સંસ્થા. ઉત્તરી આયર્લૅન્ડમાં પણ કાર્યરત છે. રજિસ્ટર્ડ ઑફિસ 89 આલ્બર્ટ એમ્બૅંકમેન્ટ, લંડન SE1 7UQ.

Trusted Information Creator
*Patient Information Forum*

